

## પ્રાંતિજમાં બ્રહ્માણી માતાની ભવ્ય પલ્લીયાત્રા નિકળી

પ્રાંતિજ શહેરમાં નાની ભાગોળ સ્થિત બ્રહ્માણી માતાના મંદિરથી ભવ્ય પલ્લીયાત્રા નિકાળવામાં આવી હતી. જેમાં હજારો શ્રદ્ધાળુઓએ ઘીનો ચઢાવો કર્યો હતો. મળતી માહિતી મુજબ પાંડવના સમયથી પલ્લીયાત્રાની પરંપરા પ્રાંતિજમાં આજે પણ અકબંધ છે. પ્રાંતિજની નાની ભાગોળ ખાતે આવેલ બ્રહ્માણી માતાના મંદિરેથી આ વર્ષે પણ ગ્રામજનો દ્વારા પલ્લીયાત્રા નીકાળવામાં આવી હતી. પ્રાંતિજ સહિત આજુબાજુના ગ્રામજનો મોટી સંખ્યામાં યાત્રામાં જોડાયા હતા. અને હજારો મણ ઘી ચઢાવ્યુ હતુ. લોકોની શ્રદ્ધા એવી છે કે ઘીનો ડાઘ કપડાં પર પડતો નથી. તેમજ કોઈ લપસતુ પણ નથી. આ પલ્લીની યાત્રામાં યુવાનો હાથમાં મશાલ પ્રગટાવીને જોડાયા હતા. પલ્લીયાત્રા નિત્યક્રમ મુજબ નગરમાં પ્રદક્ષિણા કરી મંદિરથી દૂર ખેતરમાં ઠંડી પાડી તેનું વિસર્જન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓએ પલ્લીના દર્શન કરી રાત્રી મેળાની મજા પણ માણી હતી. પલ્લીયાત્રામાં ઘટના ન ઘટે તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત હતો.

# હજયાત્રાના બહાને માહીના મુસ્લિમ બિરાદરો સાથે લાખોની ઠગાઈ

ડીસા, તા. ૨૫

વડગામ તાલુકાના માહી સહિત આસપાસના મુસ્લિમ લોકો પાસેથી હજ કરાવવા માટે અમદાવાદ સ્થિત લબ્બેક હજ કોર્પોરેશન નામની ટ્રાવેલ્સ કંપનીએ સસ્તામાં હજ કરાવવા બુકીંગ કરી હજયાત્રા એ જનાર ૧૪ શખ્સો સાથે લાખોની ઠગાઈ આચરી હોવાની ફરીયાદ બુધવારના સાંજે પોલીસ મથકે થઈ હોવાનું જાણવા મળે છે.

છાપી પોલીસ મથકના પી.એસ.આઈ. કે.સી.રાઠવા દ્વારા મળતી હકીકત મુજબ વડગામ તાલુકાના માહી ગામના હજયાત્રાએ જવા ઈચ્છતા ૧૪ શખ્સો પાસેથી અમદાવાદ સ્થિત લબ્બેક હજ કોર્પોરેશનના સંચાલક નાસીરહુસેન અ. કરીમ શેખ ૨૦૦૧, મોઈન કોમ્પલેક્ષ જમાલપુર ચકલા એ એક યાત્રી પાસે રૂપિયા ૨ લાખ મુજબ નકકી કરી હજયાત્રાએ લઈ જવા નકકી કર્યુ હતું. જેના એડવાન્સ પેટે ૨૩,૩૫૦૦૦ તેવીસ લાખ પાંત્રીસ હજાર તા.૪/૮/૧૨ ના રોજ આપેલ જેની પાવતીઓ જે તે શખ્સોના નામે બનાવી આપેલ અને ઉપરના રૂપિયા આંગડીયા મારફત અમદાવાદ મોકલી આપેલા જે બાબતે લબ્બેક હજ કોર્પોરેશનના સંચાલકે આ તમામ યાત્રાઓના પાસપોર્ટ અને જરૂરી દસ્તાવેજ મેળવી વિઝાની તજવીજ શરૂ કરી હતી અને યાત્રીઓને જણાવવામાં આવ્યું હતું કે આપને હજ માટે તા.૨૧/૧૦/૧૨ ના રોજ મુંબઈ એરપોર્ટ ઉપરથી સાંજે ૪/૦૦ કલાકે છેલ્લા પ્લેનની ટીકીટ કન્ફોર્મ કરી દીધેલ છે. જેથી તમો બધા તા.૨૦/૧૦/૧૨ સુધીમાં મુંબઈ ખાતે આવી જશો. જે દરમ્યાન છાપીથી લકઝરી બસ મારફત યાત્રીઓ મુંબઈ પહોંચ્યા હતા અને ટ્રાવેલ્સના સંચાલકની તપાસ કરતા સંચાલકની મુલાકાત થઈ ન હતી અને તેનો મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો.

આ દરમ્યાન હજ પઢવા જનાર તમામ યાત્રીઓ એરપોર્ટ ઉપર આકુળ વ્યાકુળ બની ગયા હતા પરંતુ ઉર ઓપરેટર આજસુધી ન મળતા આખરે મહેબુબભાઈ યાસીનભાઈ મરેડીયાએ છાપી પોલીસ મથકે લબ્બેક હજ કોર્પોરેશનના સંચાલક નાસીરહુસેન સામે કલમ ૪૦૬ અને ૪૨૦ મુજબ ફરિયાદ નોધાવી હતી. પવિત્ર હજયાત્રાએ જવા માટે જીવનની કમાણી એકઠી કરી હજયાત્રાએ જવા નીકળેલા ૧૪ કરતાં પણ વધુ શખ્સો ચોધાર આંસુએ હજયાત્રા કર્યા વગર પોતાના વતન પરત ફર્યા હતા અને પોતાની સાથે થયેલ ઠગાઈની ફરિયાદ છાપી પોલીસ મથકે નોંધાવી હતી. જો કે, આ ટુર ઓપરેટરે આ વિસ્તારમાં અનેક યાત્રીઓ સાથે ઠગાઈ કર્યાનું બહાર આવે તેમ છે તેવુ પોલીસ સુત્રોએ જણાવ્યું હતું. હજયાત્રાના નામ ઠગાઈનો ભોગ રફીકભાઈ અબ્બાસભાઈ - આંબલીયાસણા, મુસ્તાકભાઈ જમાલભાઈ આંબલીયાસણા, હનીફાબેન હબીબભાઈ - આંબલીયાસણા, મહેબુબભાઈ યાસીનભાઈ - મરેડીયા, અબ્બાસભાઈ દાઉદભાઈ - મરેડીયા, મુસ્તુફા જમાલ આંબલીયાસણા, મોહસીન ઉસ્માન સુણસરા સહિત સાત બીજા શખ્સો ભોગ બન્યા છે.





## પાલનપુરના નવરાત્રીમાં ગરબે ઘુમી સમાપન ટાણે ગરબો અંબાજી મંદિરે મુકવા રાત્રે ગરબાની રમઝટ

મા જગતજનની આદ્ય શકિત જગદંબા મા અંબાના મહા ઉત્સવ સમા અને ગુજરાતની ઓળખ સમાન નવરાત્રી મા નવ દિવસ સુધી સજી ધજીને પ્રાચીન અર્વાચીન ગરબા ગાઈ નાચી કુદીને આબાલ વૃદ્ધ સૌ કોઈ જવાનીયાઓ નવરાત્રીના સમાપન ટાણે રાત્રે શુભ મુહુર્તમાં શહેરની મધ્યે અંબાજી મંદિરે ગરબો વળાવવા આવતા જુદા જુદા ગરબાના આયોજકોએ અંબાજી મંદિરે ગરબો મુકવા આવતી વેળા રાત્રે ગરબાની રમઝટ જમાવી હતી. જુદા જુદા વિસ્તારમાં ગરબા મંડળો દ્વારા માતાજીના મંદિરે માટીનો કોતરેલો અને રંગરોગાન કરેલા અનેકવિધ ગરબા અને તેની ઉપર ઝગમગતા દિવડાઓથી માના મંદિરનો ચાચર ચોક ઝળહળી ઉઠતા અલૌકીક નજારો રાત્રે ત્રણથી પાંચ સુધી અદભુત લાગતો હતો. પાલનપુરમાં માતાજીની કૃપાથી હેમખેમ નવરાત્રી પુર્ણ થતા શહેરીજનો પોલીસ તંત્રે માનો મનો મને માની કૃપા અપરંપાર રહે તેમ પ્રાર્થના કરી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# વાવના જલોયા ગામે જૂથ અથડામણમાં ૫૩ વિરૂધ્ધ ફરિયાદ

ડીસા, તા. ૨૫

ગત મંગળવારના રોજ બપોરે વાવ તાલુકાના જલોયા ગામે સ્થાનિક ગ્રામ પંચાયતની ચૂંટણીની અદાવતમાં ઠાકોર અને રાજપૂત કોમ વચ્ચે ધારીયા - કુહાડી અને તલવારો વડે ધીંગાણું મચતા બંને જૂથના કુલ ૨૭ લોકો ઘાયલ થયા હતા. જે પૈકીના ૩ લોકો વધુ ગંભીર હદે ઘાયલ થતા તેમને અમદાવાદ સિવિલમાં ખસેડાયા છે. જયારે અન્ય ઘાયલો ડીસા, પાલનપુર અને મહેસાણાની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે.

પોલીસ પાસેથી આ મુદ્દે મળતી માહિતી અનુસાર આજથી ત્રણ મસ અગાઉ સ્થાનિક પંચાયતની ચૂંટણીના અદાવતના મુદ્દે રાજપૂત અને ઠાકોર કોમ વચ્ચે ઝઘડો થતા ઠાકોર કોમના વિશાળ કુટુંબો જલોયા ખાતેથી સામૂહિક હિજરત કરી કલેકટર કચેરી પાલનપુર ખાતે પડાવ નાખ્યો હતો. થોડા દિવસ બાદ ગામ આગેવાનો અને પોલીસની મદદથી મામલો થાળે પડયો હતો અને રાજપૂત ઈસમો વિરૂધ્ધ તે સમયે પોલીસે અટકાયતી પગલા લઈ જામીન પણ લીધા હતા પરંતુ ગત તા.૨૩/૧૦/૧૨ ને મંગળવારના રોજ ઈસમો માતાજીની પલ્લી ભરવા માટે દામા મુકામેથી તેમના વતન જલોયા આવતા બપોરે બે જુથો વચ્ચે બોલાચાલી થતા મામલો ઉગ્ર બન્યો હતો.

જેમાં ધારીયા, કુહાડી, પાઈપો અને તલવારો લઈ આમને સામને આવી જમા થયેલ જૂથ અથડામણના બંને જૂથના કુલ ૨૫ લોકો ઘવાયા હતા.આ બાબતે બંને જૂથની સામસામી ફરિયાદના આધારે સુઈગામ પોલીસે ૩૦ રાજપૂતો અને ૨૩ ઠાકોર વિરૂધ્ધ મોડી રાત્રે ઈ.પી.કો.ક. ૩૦૭ ઉપરાંત વિવિધ કલમો લગાવી ગુનો નોંધ્યો હતો.

જે પૈકી પોલીસે ગતરોજ રાજપૂત સમાજના આરોપીઓમાં થાનાભાઈ રામજીભાઈ રાજપૂત (જલોયા), હમીરજી ખોડાજી રાજપૂત (જલોયા), રમેશજી ગણેશજી રાજપૂત (સુઈગામ), વર્ધાજી કાજાજી રાજપૂત (જલોયા) ની અટકાયત કરી વધુ તપાસ પી.એસ.આઈ. એ .પી.વણકર ચલાવી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે જલોયા ગામે બે જૂથ અથડામણનો મામલો ઉગ્ર બનતા જિલ્લા પોલીસવડાની સૂચના અનુસાર ડી.વાય.એસ.પી. (થરાદ), ડી.વાય.એસ.પી. (દિઓદર), સુઈગમ, માવસરી અને વાવ પોલીસ મથકનો કાફલો ગામમાં પહોંચી જતા ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે પૂર્વે પોલીસ તંત્ર જાગૃત બની ચુસ્ત બંદોબસ્ત ગોઠવે તેવી પ્રબળ માંગ છે.

# ડીસા તાલુકાના ધુણસોલ ગામેથી વિદેશી દારૂ ઝડપાયો

ડીસા, તા. ૨૫

ડીસા તાલુકાના ધુણસોલ ગામની સીમમાંથી પસાર થતી બોલેરો ગાડીમાંથી બાતમીના આધારે આગથળા પોલીસે ૫૬૬ વિદેશી દારૂની બોટલ ઝડપી પાડી હતી.

રાજયમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ હોવાથી બુટલેગરો પણ પરપ્રાંતિય વિસ્તારમાંથી વિદેશી દારૂનો સ્ટોક કરવા લાગી ગયા છે તો બીજી તરફ પોલિસ પણ સક્રિય થઈ પેટ્રોલિંગ વધારી બુટલેગરોના ઈરાદાના કામ કરવા કમર કસી રહી છે ત્યારે આગથળા પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. જે.એમ.બારોટ તેમના સ્ટાફ માનજીભાઈ પટેલ, અબ્દુલભાઈ, દેવગર ગોસ્વામી નિકુલસિંહ સુરાજી તથા અરજણભાઈ સાથે ચૂંટણીલક્ષી પેટ્રોલિંગમાં હતા ત્યારે તેઓને વિદેશી દારૂ ભરી બોલેરો ગાડી આવતી હોવાની બાતમી મળતાં વોચ ગોઠવી હતી. ત્યારે રાજસ્થાન તરફથી બોલેરો ગાડી નં. જી.જે.-૩-સીર૯૪૭ ત્યાંથી ભાગી છૂટી હતી. જેથી પોલીસે તેનો પીછો કરતાં બોલેરોનો ચાલક જડીયાલી ગામ તરફ જવાના કાચા નેળીયામાં મુકી ફરાર થઈ ગયો હતો. જેથી પોલિસે ગાડીનો કબજો મેળવી તેમાંથી ૫૬૬ નંગ વિદેશી દારૂની બોટલ કિંમત રૂા.૭૮૨૦૦ તેમજ બોલેરો ગાડી કિંમત રૂા.૪ લાખ કબજે લઈ બોલેરો ગાડીના ચાલક રમેશકુમાર બાદરારામ વિશ્નોઈ (રહે. લાછીવાડ, તા. સાંચોર) ને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ફતેપુર ગામની પરણિતાનું દાઝી જવાથી કરૂણ મોત

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજ તાલુકાના ફતેપુર ગામે આજે વહેલી સવારે ૨૫ વર્ષીય મહિલાનું રસોઈ કામ દરમિયાન દાઝી જતા સારવાર દરમિયાન મહિલાનું કરૂણ મોત નિપજયું હતું. જયારે આ અંગે પ્રાંતિજ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના ફતેપુર ગામમાં રહેતી ૨૫ વર્ષીય પરણિતા નયનાબેન સંજયગીરી ગોસ્વામી ગત રોજ રાત્રિના સમય દરમિયાન પોતાના ઘરના રસોડામાં પ્રાઈમસ પર જમવાનું બનાવી રહ્યા હતા ત્યારે અચાનક પ્રાઈમસમાં આગ લાગતા મહિલા ગંભીર રીતે શરીરે દાઝી ગઈ હતી.

બાદમાં સારવાર અર્થે મહિલાને હોસ્પિટલ ખસેડવામાં આવી રહી હતી તે દરમિયાન તેનું માર્ગમાં જ કરૂણ મોત નિપજયું હતું. મોડી રાત્રે બનેલી આ ઘટના અને ત્યારબાદ મહિલાના મૃત્યુ સંદર્ભે ભારે શંકા કુશંકા લોકોમાં થઈ રહી છે. આ બનાવ અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# થરાદના કેબલ નેટવર્કમાં આગથી લાખો રૂપિયાનું નુકશાન

ડીસા, તા. ૨૫

થરાદમાં બપોરના સુમારે સ્થાનિક 'કેબલ નેટવર્ક' ના કંટ્રોલરૂપમાં આકસ્મિક લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતા લાખો રૂપિયાના ઈલેકટ્રીક ઉપકરણો આગમા બળીને ખાખ થઈ ગયા હતા. જેથી સંચાલકને લાખો રૂપિયાનો આર્થિક ફટકો વેઠવાનો વારો આવ્યો હતો.

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે થરાદ શહેરમાં ભુરાભાઈ વાઘજીભાઈ રાજપુત પૃથ્વી ચેનલ નેટવર્ક નામનું કેબલ નેટવર્ક ધરાવે છે. જેનો કંટ્રોલ રૂમ શહેરના હનુમાન ચોક પાસેના પૃથ્વી કોમ્પલેક્ષના ત્રીજા માળે આવેલો છે જેમાં ગઈકાલે બપોરના સુમારે શોર્ટ સર્કીટના કારણે અચાનક આગ ફાટી નિકળી હતી. આગે જોત જોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. જેના પરિણામે કંટ્રોલરૂમમાં રહેલા કમ્પ્યુટર સેટ, વિવિધ ચેનલોના ડીકોટર, એસી, ચેનલ ડીજીટલ રીસીવર, ચેનલ ટ્રાન્સમીટર, પાવરપાસ મશીન, ફ્રીઝ, ડીવીડી, ટીવી ફર્નિચર સહીત ૬૨ પ્રકારનાં ઈલેકટ્રીક ઉપકરણો અને ફર્નિચર બળીને ખાખ થઈ જવા પામ્યું હતું તેમજ છત અને તળીયાનું પ્લાસ્ટર પણ તુટી જવા પામ્યું હતું.

જો કે કંટ્રોલરૂમના બારણાં બંધ હોવાના કારણે આગે અંદરને અંદર વિકરાળ રૂપ ધારણ કરી લાખો રૂપિયાના ઉપકરણો સ્વરૂપના નુકશાન બાદ ધુમાડા સ્વરૂપે બહાર દેખા દેતાં લોકોને જાણ થતાં નગરપાલિકાનું ફાયર ફાયટર બોલાવી આગને કાબૂમાં લેવામાં આવી હતી. પરંતુ ત્યાં સુધીમાં તો કુલ રૂા. ૧૩,૬૬,૦૫૦ નું નુકશાન થઈ ચુક્યું હતું. તેમજ થરાદ-વાવ શહેર અને ચારડામલૂપૂર, વજેગઢ, ખાનપૂર સહીતના આજુબાજુના ગામોમાં પ્રસારણ સેવા પણ ઠપ્પ થઈ જવા પામી હતી. થરાદ પોલીસે ભુરાભાઈ રાજપુતની ફરીયાદના આધારે આગ અકસ્માત રજીસ્ટરે નોધ કરી છે. આ ઘટનાની જાણ થતાં બહોળી સંખ્યામાં શહેરીજનોએ દોડી આવી આર્થિક નુકશાનની દુખદ સંવેદનાઓ વ્યક્ત કરી હતી.

# જુના ડીસામાં સિદ્ધાલિંકાની પલ્લીએ આકર્ષણ જમાવ્યું

ડીસા, તા. ૨૫

ડીસા તાલુકાના જુનાડીસા ગામે આવેલ પ્રાચીન સિદ્ધાલિંકા માતાના મંદિરે નવરાત્રી દરમ્યાન ભારે ધામધૂમપૂર્વક ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. આસો સુદ-નોમ નીમિત્તે ગામમાં નિકળેલ પલ્લીએ વાતાવરણને ધર્મમય અને ભક્તિમય બનાવી દીધુ હતુ.

પવિત્ર કાષ્ટમાંથી બનેલી પલ્લીમાં કોડીયા અને તેમાં ઝળહળતા દીવડાંઓએ રાત્રીના સમયે ગામની શેરીઓમાં અનેરૂ આકર્ષણ ખડુ કર્યુ હતું. ઉત્તર ગુજરાતમાં રૂપાલ પછી બીજા નંબરે જુનાડીસા ખાતે નિકળનારી સિદ્ધાંલિકા માતાની પલ્લીનો આવે છે. ૧૦૦૦ વર્ષ પૂર્વે ગુર્જર નરેશ સિદ્ધરાજ જયસિંહ દ્વારા માતાજીની સ્થાપના કરાયાની માન્યતા છે. પલ્લીની પુજા બાદ ગામના ઠાકોર ભાઈઓ માથે ઉપાડી જેસા લીમડી પાસે વિરામ કરાવે છે. જ્યાં તેલ પીવાની વિધી કરી મંદિરે પરત થાય છે. આ કાર્યક્રમમાં જુનાડીસાના હજીયે ધર્મપ્રેમી લોકો અને આજુબાજુના ગામોમાંથી ખુબ મોટી સંખ્યામાં લોકો દર્શન માટે ઉમટી પડ્યા હતા.

## દાઝી ગયેલ મહિલાનું સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૨૫

રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના સલુંબર તાલુકાના સેગાડી ગામની ૨૯ વર્ષીય મહિલા પ્રતાપકુંવર ઈશ્વરસિંહ રાઠોડ ૨ ૩મી ઓકટોબરના રોજ કોઈ અગમ્ય કારણોસર ઘરે દાઝી ગયેલ જે મહિલાને સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરવામાં આવી હતી. જે મહિલાનું બે દિવસ બાદ ૨૫ ઓકટોબરને ગુરુવારના રોજ સાંજે ૪.૪૫ વાગે સિવિલમાં સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ અંગે સિવિલના ડોકટર દર્શના તબિયાડએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# મંત્રીમંડળની બેઠકમાં સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યમંત્રીમંડળની આજે મળેલી ઔપચારીક બેઠકમાં આગામી ચૂંટણી અંગે ચૂંટણી પ્રચાર અંગે અને વિસ્તારોમાં વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભા ચૂંટણીઓ જાહેર થતાંની સાથે જ ચૂંટણી આચારસંહિતા અમલી બની જતાં હવે રાજ્ય સરકાર મંત્રીમંડળની બેઠકમાં કોઈ જ નીતિ વિષયક નિર્ણય લઈ શકે નહી અને જો કોઈ નિર્ણય લેવાનો હોય તો ચૂંટણી પંચની મંજૂરી મેળવવી પડે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે મુખ્યમંત્રીના નિવાસસ્થાને રાજ્યમંત્રીમંડળની અનૌપચારિક બેઠક મળી હતી. આ બેઠકમાં મંત્રીઓને તેમના પ્રભારી જિલ્લામાં અને પોતાના મત વિસ્તારમાં રાજકીય પરિસ્થિતિ કેવી છે. રાજ્ય સરકારની કામગીરીને લઈને પ્રજાનો મીજાજ સરકાર અને ભાજપ માટે કેવો છે. કયા પક્ષ તરફ વાતાવરણ દેખાય છે આ અંગેની વિગતો મેળવીને સમીક્ષા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

### રાજસ્થાનના છાપી ગામ નજીકથી અજાણી સગીરા સાથે

# બળાત્કાર કરી ગળુ દબાવી હત્યા કરેલી અર્ધનગ્ન મૃતદેહ મળી આવતા ચકચાર

હિંમતનગર, તા. ૨૫

રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના વીંછીવાડા તાલુકાના છાપી ગામ નજીક સ્મશાન પાસેથી એક મહિના પહેલા અજાણી સગીરા પર બળાત્કાર ગુજારાયા બાદ ગળુ દબાવી હત્યા કરી નાખેલ મૃતદેહ પડ્યો હોવાનું ગામના સરપંચે પોલીસને જાણ કરતા પોલીસ પ્રથમ હત્યાનો ગુનો નોંધી ઓળખ માટે રાજસ્થાન પોલીસ રાજસ્થાનમાં ત્યાર બાદ મધ્યપ્રદેશ અને હવે ઓળખ માટે ગુજરાતમાં તપાસ કરવા ફરી રહી છે.

વિગત મુજબ વીંછીવાડાથી પાંચ કિમી. દૂર આવેલ છાપી ગામના સ્મશાન નજીક ૨૫ સપ્ટેમ્બરના રોજ સવારે ગામના સરપંચ મગનભાઈ ગામેતીએ એક સગીરાનો મૃતદેહ પડ્યો હોવા અંગેની જાણ વીંછીવાડા પોલીસમથકે કરી હતી. ત્યાર બાદ વીંછીવાડા પોલીસમથકની પોલીસ સ્ટાફ સાથે સ્થળ પર આવીને તપાસ કરતાં કોઈ અજાણ્યા ઈસમે સગીરા સાથે પ્રથમ બળાત્કાર કર્યો હતો અને પછી તેના ગાળાના ભાગે કાળો અને લાલ રંગ વાળો રૂમાલ વડે ગળાને દબાવીને હત્યા કરી નાસી ગયેલ. હત્યા કરેલ સગીરાના જમણા હાથ પર કાંડાના ભાગે સૌનું રવિ છુંદણાથી લખેલ અને જમણા હાથમાં મહેંદીથી એસ.આર. અંગ્રેજીમાં લેખલ હતું. ઉપર પીળા કલરની ટીશર્ટ પહેરેલ અને નીચેના ભાગે કઈ ન હત. તેવી અર્ધનગ્ન મૃતદેહને પોલીસે પોસ્ટમોર્ટમ માટે ડુંગરપુર સરકારી દવાખાને લઈ ગયેલ અને આ અંગે વીંછીવાડા પોલીસમથકે અજાણી સગીરાની બળાત્કાર કરી હત્યા કર્યા અંગેની અજાણ્યા ઈસમ વિરૂદ્ધ ગુનો દાખલ કરી હતી અને છેલ્લા એક મહિનાથી આ સગીરાનો મૃતદેહની ઓળખવિધિ માટે રાજસ્થાન, મધ્યપ્રદેશ બાદ હવે ગુજરાતમાં તપાસ હાથ ધરી છે. રાજસ્થાન પોલીસે ગુરૂવારના રોજ સાબરકાંઠા જિલ્લાના લોકલ કાઈમ બ્રાંચને જાણ કરી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેકટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો
એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ,
સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે,
ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧